**<u>મહે. એડીશ્નલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબની કોર્ટમાં,</u>**

**<u>મુકામ–અંકલેશ્વર.</u>**

**<u>ફોજદારી કેસનં. ૨૬૧૦/૨૦૨૬</u>**

**આંક–**

ફરીયાદી : શ્રી સરકાર

:: વિરૂધ્ધ ::

આરોપી: કમલેશભાઈ રમણભાઈ વસાવા
રહે. હનુમાન ફળિયુ ખરોડ ગામ તા.અંકલેશ્વર જી.ભરૂચ

**<u>ગુન્હો :–</u>** એમ.વી. એકટ ૧૮૫,૧૮૧ તથા પ્રોહી કલમ ૬૬ (૧) બી મુજબ

**<u>–: કબુલાત ઠરાવ :–</u>**

(૧) આ કામે ફરીયાદીની ફરીયાદના આધારે ફરીયાદ પક્ષે તપાસ કરનાર અમલદાર તરફથી તપાસના અંતે હાલના આરોપી વિરૂધ્ધ એમ.વી. એકટ ૧૮૫,૧૮૧ તથા પ્રોહી કલમ ૬૬ (૧) બી મુજબના ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે.

(૨) આરોપી તર્ફે પોતાની ગુના કબુલાતથી પોતાના પરનો ગુનો કબુલ કરતા હોય, હાલના આરોપીને પોલિસ તપાસના કાગળોની નકલો આપવામાં આવી અને આરોપીની પ્લી નોંધવામાં આવી, જેમાં આરોપીએ પોતાની સ્વેચ્છીક ગુના કબુલાત આપી, પોતે પોતાની પરનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે. વધુમાં આરોપી જણાવે છે કે પોતાનો પ્રથમ ગુનો છે, ભુલથી ગુનો થયેલ છે, ગુના બદલ પસ્તાવો મહેસુસ કરે છે, ગરીબ માણસ છે અને હવે ફરીથી આવો ગુનો નહિ કરે તેવુ જણાવી પોતાની પર રહેમ નજર રાખવા જણાવેલ છે.

(૩) એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા.

આરોપીની સ્વેચ્છિક ગુના કબુલાતથી પોતાના પરનો ગુનો કબુલ કરતા હોય, આરોપીને તેના ગુના અંગેની સજાની સમજણ કરવામાં આવેલ છે. આ કામે આરોપીએ સ્વેચ્છિક ગુના કબુલાતથી પોતાના પરનો ગુનો કબુલ કરતા હોય આરોપીની સ્વેચ્છિક ગુના કબુલાતને નહિ માનવાને કોઈ કારણ નથી. આરોપીની સ્વેચ્છિક ગુના કબુલાત, તેની ઉંમર, આર્થિક તથા શારીરિક પરિસ્થિતિ તથા દયાની માંગણી ધ્યાનમાં રાખી આરોપીને આ ગુનામાં તકસીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૨ અન્વયે આરોપીને એમ.વી. એકટ ૧૮૫,૧૮૧ તથા પ્રોહી કલમ ૬૬ (૧) બી મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપી ને રૂા.૨,૨૦૦/- (અંકે રૂપિયા બે હજાર બસો પુરા) દંડની સજા અને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવા હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન-૩ (ત્રણ)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પે.સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ-અંકલેશ્વર
તા.૧૧/૦૭/૨૦૨૬

**(એચ.આર. પટેલ )**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
અંકલેશ્વર.
કોડ નં. જી.જે.૦૧૭૩૧